**<u>ફો.કે.નં.૩૭૦૩૦/૨૦૦૬ના કામે આંક–૧ તળે હુકમ</u>**

(૧) હાલનો કેસ આરોપી વિરુધ્ધ **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૩૨૩ વિગેરે** મુજબ દાખલ થયેલ છે. ત્યારબાદ આરોપીને અદાલતમાં હાજર રહેવા માટે અનેક વખત પ્રોસેસ કરવામાં આવેલ છે આમ છતા ફરીયાદપક્ષ આરોપી સામે કરવામાં આવેલ પ્રોસેસ બજવણી કરાવળાવી આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવા સંપુર્ણ નિષ્ફળ રહેલ છે. આરોપી સામેનો કેસ ઘણો જુનો હોય, આરોપીને હાજર રખાવવામાં ફરીયાદપક્ષ સંપુર્ણ નિષ્ફળ જતા નજીકના ભવિષ્યમાં પણ આરોપીની હાજરી મળી શકે તેવા કોઈ સંજોગો જણાઈ આવતા નથી.

(૨) આ તબ્બકે નામદાર સર્વોચ્ચ અદાલતએ **<u>કોમન કોઝ વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ (નિર્ણય તારીખ ૦૧/૦૫/૧૯૯૬, એ.આઈ.આર.૧૯૯૬ સુ.કો. ૧૬૧૯)</u>**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો સાથે ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૮ ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીને લાંબા સમયથી હાજર રખાવવામાં સંપુર્ણ નિષ્ફળ રહેલ હોય, આરોપી સામેનો કેસ હજુ વધુ સમય માટે પેન્ડીંગ રાખવો સરકારના નાણા અને અદાલતનો કીમતી સમય વ્યય કરવા સમાન હોય તેથી ન્યાયોચિત જણાતું ન હોય તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

આરોપી વિરુધ્ધની હાલની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૮ હેઠળ પડતી મુકી બંધ કરવા હુકમ કરવામાં આવે છે. વધુમાં જો આરોપી મળી આવે ત્યારે આરોપી વિરુધ્ધ ન્યાયિક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

**આ આખરી હુકમ આજરોજ વડોદરા મુકામે તારીખ ૧૩મી જુલાઈ, ૨૦૧૯ના રોજ સ્પેશ્યલ સીટીંગ કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**(સમીર રતીલાલ સાંગાણી)**
**૨૫માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**વડોદરા**
**GJ01046**